# એકલા રહેતા માણસની પ્રાર્થના

મારા પ્રિય ઈશ્વર પ્રભુ, હું એકલો રહું છું.
હું માનું છું કે, એકલા રહેવાની મારી પરિસ્થિતિ
એ મારા માટેની તમારી વિશેષ કૃપા છે, પ્રેમ છે.
એટલે હું તમારા પ્રેમે જીવીશ.
તમે જ મારા સાથી છો, મારા મિત્ર છો.
એટલે તમે હમેશાં મારા આશ્રયદાતા બની રહો.
તમે જ મારા દૈનિક જીવનમાં દીવાદાંડી બની રહો.
હું જાણું છું કે, તમે અંતર્યામી છો;
મતલબ કે, તમે હરહંમેશ મારી સાથે છો.
તમારા સાન્નિધ્યમાં હું કદી એકલવાયો નથી.
એટલે હું તમારા ભરોસે જીવું છું.
છતાં મારા જીવનની વાસ્તવિકતા એ છે કે,
મને ઘણીવાર એકલતાનો અનુભવ થાય છે.
હું એકાકીપણું અનુભવું છું.
કોઈક વાર તો હું ગમગીની અનુભવું છું.
હું ઉદાસ બનું છું.
એવા સમયે તમે જ પ્રભુ મારું સાંત્વન બની રહો.
તમે જ મારા શાંતિદાતા બની રહો.
અને સાથોસાથ મને સમજનાર મિત્રો મને આપજો.
મારી જરૂરિયાતના સમયે મને સાંભળનાર
તમારા દૂત સમા મિત્રો મને મોકલી આપજો.
મને બધા જ પ્રકારના અકસ્માતોમાંથી બચાવો.
દુષ્ટજનોથી મને દૂર રાખો.
ચોર-લૂંટારાઓથી મને સુરક્ષિત રાખો.
મારી એકલતાનો લાભ લેવા મથનાર લોકોથી મને બચાવો.
મારા એકલવાયા જીવનમાં
બધા લોકો પ્રત્યે મને પ્રેમાળ અને ઉદાર બનાવો.
રોજ તમારી પ્રાર્થના અને ધ્યાનમનનથી
મારું હૃદય પ્રસન્ન અને વિશાળ બનાવો;
મારું જીવન હર્યુંભર્યું બનાવો.
હું સમગ્ર સૃષ્ટિમાં તમને જોઈ શકું,
તમારો મહિમા કરી શકું,
અને તમારી હાજરીથી સભર બનીને
હું મારા માટે નહિ પણ બીજાને માટે જીવું,
જરૂરિયાતમંદ અને ગરીબગુરબાંની સેવા કરું,
એવું વરદાન મને આપો.

**- ફાધર વર્ગીસ પોલ, એસ.જે.**